પૃથ્વી ઉપર પરમ ચેતનાના આવિર્ભાવની ક્રિયાને વધુમાં વધુ સરળ કરી આપવા માટેનો માત્ર એક જ ઈલાજ છે. અને તે એ કે અમારી કલ્પના જે ઉચ્ચમાં ઉચ્ચ અને શુદ્ધમાં શુદ્ધ પ્રકાશની કલ્પના કરી શકે તેની સાથે અમારાથી બને તેટલા સંપૂર્ણ ભાવે અમે એકતા કરી લઈએ, એ પરમ ચેતના સાથે અમારી ચેતનાનું શક્ય તેટલું સંપૂર્ણ તાદાત્મ્ય અમે કરી લઈએ, અમારી સઘળી પ્રેરણા માત્ર તેમાંથી જ મેળવીએ, અને એ ચેતનાની શક્તિમાં વિશ્વાસ રાખીને જગતની સર્વ ઘટનાઓને સ્વસ્થતાથી નિહાળીએ.

અત્યારના આવિર્ભાવની અંદર તો બધી જ વસ્તુઓ ભેળસેળ થઇ ગયેલી છે. એટલે સારામાં સારી વસ્તુ તો એ છે કે, વધુ ને વધુ ઉચ્ચ પ્રકાશ માટે પ્રયત્નશીલ રહીને, અમારાથી જે કંઈ થઇ શકે તે તમામ કરી છૂટીએ, અને અત્યારની ક્ષણે પરમ પૂર્ણતાનો સાક્ષાત્કાર થવો અશક્ય છે એ હકીકતનો સ્વીકાર કરી લઈએ.

અને છતાંયે, આ અપ્રાપ્ય પૂર્ણતા માટે પણ અમારે કેવા તો ઉત્સાહથી સદાયે અભીપ્સા સેવવાની છે! ... ... ...

- શ્રી માતાજી

---

Prayers and Meditations : March 23, 1914

પ્રાર્થનાઓ અને ધ્યાન : ૨૩ માર્ચ ૧૯૧૪

---




**From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦● January 2021
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2021
JANUARY
૧ જાન્યુઆરી ૨૦૨૧

– Patience ·· Strength ·· Courage –
– ધીરજ ·· બળ ·· હિંમત –




**W**ith patience, strength, courage and a calm and undomitable energy we shall prepare ourselves to receive the Supramental Force.

With my blessings

10 July 1954 - The Mother

**ધીરજ**, બળ, હિંમત અને એક શાંત અદમ્ય શક્તિની મદદથી આપણે આપણી જાતને અતિમનસ શક્તિ ઝીલવા માટે તૈયાર કરીશું.

મારા આશીર્વાદ સાથે

૧૦ જુલાઈ ૧૯૫૪ - શ્રી માતાજી

## Manifesting the Divine

… … …

**Every action on earth** is bound to have a good and a bad side. Even the actions which best express the most divine law of Love carry in them something of the disorder and darkness inherent in the world as it is today. Some people, those who are called pessimists, perceive almost exclusively the dark side of everything. The optimists, on the other hand, see only the side of beauty and harmony. And if it is foolish and ignorant to be an unwitting optimist, is it not making a happy conquest to become a willing optimist? In the eyes of pessimists, whatever one does will always be bad, ignorant or egoistic; how could one satisfy them? It is an impossible task.

There is only one recourse; to unite as perfectly as possible with the highest and purest light that one can conceive, to identify one's consciousness as completely as possible with the absolute Consciousness, to strive to receive all inspirations from that Consciousness alone so as to foster as best one can its manifestation upon earth, and, trusting in its power, to regard all events with serenity.

Since everything is necessarily mixed in the present manifestation, the wisest thing is to do one's best, striving towards an ever higher light and to resign oneself to the fact that absolute perfection is for the moment unrealisable.

And yet how ardently must we always aspire for that inaccessible perfection! … … …

- The Mother

## પ્રભુનો અવિર્ભાવ કરીએ

… … …

**પૃથ્વીની ઉપર થતા પ્રત્યેક કાર્યની અંદર** સારી તેમ જ નરસી એવી બેય બાજુ ન હોય એ અસંભવિત છે. જે કર્મો પ્રેમના વિશેષમાં વિશેષ દિવ્ય નિયમની સારામાં સારી રીતે અભિવ્યક્તિ કરતાં હોય છે તેની અંદર પણ, અત્યારના જગતની અંદર આવી રહેલાં અંધકાર અને અતંત્રતાનાં તત્વનો કાંઈક અંશ તો આવી જાય છે જ. કેટલાક માણસો, કે જેમને નિરાશાવાદીઓ કહેવામાં આવે છે, તેઓ હરેક વસ્તુની માત્ર કાળી બાજુ જ જુએ છે. આથી ઊલટું જે આશાવાદીઓ હોય છે તે માત્ર વસ્તુમાં રહેલા સૌન્દર્ય અને સંવાદિતાની બાજુ જ જુએ છે. અને આમ જો કંઈ પણ વિચાર્યા વિના નિરાશાવાદી થવું એ એક હાસ્યાસ્પદ અને અજ્ઞાનની ક્રિયા છે, તો વિચારપૂર્વક આશાવાદી બની રહેવું એ સુખદાયક વિજય પણ શું મેળવવા જેવો નથી ? નિરાશાવાદીની દ્રષ્ટિએ તો તમે જે કાંઈ કરશો તે હમેશાં ખરાબ જ રહેવાનું, અજ્ઞાન અને અહંકાર ભરેલું હોવાનું. એવા લોકોને કેવી રીતે સંતોષી શકાય ? એ એક અસાધ્ય કાર્ય છે.